# પર્યાવરણની સુરક્ષા/જાળવણી માટે
# ‘ગોઈંગ ગ્રીન’ની ધારણા








મારું નામ શિવાન છે અને હું હેરો વિસ્તારમાં રહું છું. થોડાં વર્ષો પહેલાં હેરો ખૂબ જ રળિયામણો વિસ્તાર ગણાતો હતો, પરંતુ બીજા વિસ્તારોની જેમ અહીં પણ વસ્તી વધી છે અને તે સાથે કેટલીક પર્યાવરણની સમસ્યાઓ પણ વધી છે. વસ્તી વધવાથી વાહનો અને લોકોની સગવડની ચીજોની માંગ વધવાથી કારખાનાં વધ્યાં છે. વાહનોનો અને કારખાનામાંથી નીકળતો રસાયણવાળો ઝેરી ધુમાડો હવા પ્રદૂષિત કરે છે.

મારા અભિપ્રાય પ્રમાણે સૌથી મોટી પર્યાવરણની સમસ્યા વૈશ્વિક ગરમાવો છે, જેના પરિણામે, પૃથ્વીનું તાપમાન વધી રહ્યું છે. મારું માનવું છે કે વિશ્વનાં દરેક નાગરિકે જાગૃત થઈ પર્યાવરણની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવાં જોઈએ.



મારા જ વિસ્તારની વાત કરું તો અહીં જાહેર વાહનવ્યવહારની સરસ સગવડ હોવા છતાં લોકો પોતાની ગાડીઓનો વધુ પડતો ઉપયોગ કરતા હોય છે. તેના કારણે રસ્તાઓ પર ગાડીઓની ભીડ જામે છે. તેમજ ગાડીઓના ઘોંઘાટથી અવાજનું અને તેમાંથી નીકળતા ધુમાડાથી હવાનું પ્રદૂષણ વધી રહ્યું છે. જો લોકો જાહેર પરિવહનનો ઉપયોગ કરે અને બની શકે તો સાયકલનો ઉપયોગ કરે, અથવા ચાલીને કામે કે નિશાળે જાય તો ગાડીઓનો વપરાશ ઓછો થાય અને પરિણામે પ્રદૂષણ ઓછું થઈ શકે.



તે ઉપરાંત, લોકો જ્યાં ત્યાં કચરો અને પ્લાસ્ટિકની વસ્તુઓ ફેંકે છે. તેમ કરવાથી આજુબાજુના પર્યાવરણ ઉપર તેની શું અસર થાય છે તે વિશે લોકો ચિંતા કરતા નથી.




દર વર્ષે ૫મી જૂનના દિવસે વિશ્વ પર્યાવરણ દિન ઊજવવામાં આવે છે. ગયાં વર્ષે આ દિવસે મારાં કુટુંબને પર્યાવરણની ચિંતા હોવાથી યોગ્ય પગલાં લેવાનું નક્કી કર્યું. મને લાગે છે કે મારું કુટુંબ પર્યાવરણની કાળજી રાખવા ખૂબ જ પ્રયત્ન કરે છે.







ફરી ઉપયોગમાં લઈ શકાય એવી વસ્તુઓનો અમે પુનઃઉપયોગ કરીએ છીએ. ફરી વાપરી શકાય તેવાં જૂનાં કપડાં, રમકડાં, ચોપડીઓ, જોડા વગેરે અમે ‘સેન્ટ લુક’ જેવી સખાવતી સંસ્થાઓમાં આપીએ છીએ. ઘરેલું કચરો, જેમ કે પ્લાસ્ટિકની અને કાચની ચીજો, છાપાં, કાગળ, ડબલાં, વગેરે, સરખી રીતે જુદાં કરી સ્થાનિક સરકારે આપેલ જુદા જુદા રંગની કચરાપેટીઓમાં નાખીએ છીએ.



પ્લાસ્ટિકનું પ્રદૂષણ ખૂબ જ વધી રહ્યું છે. તેથી ખરીદી કરવા જઈએ ત્યારે ઘેરથી જૂની પ્લાસ્ટિકની વાપરેલી અથવા કપડાંની કોથળીઓ લઈ જવાનું ભૂલતાં નથી. પ્લાસ્ટિકની એક વખત જ વપરાય તેવી પાણીની બાટલીઓ ન ખરીદતાં અમે ઘેરથી કે પછી ક્યાંયથી પણ પાણી ભરી શકાય તેવી બાટલીઓનો ઉપયોગ કરીએ.



અમારાં ઘરની પાછળના બાગના એક ખૂણામાં ખાતર બનાવવા જગ્યા રાખી છે જ્યાં ઝાડપાન અને શાકભાજીના કચરાનું અમે કુદરતી ખાતર બનાવીએ છીએ જે અમે બાગમાં વાપરીએ છીએ.

 Vijyaben Bhanderi





મારા પિતા કામે અમારી ગાડીમાં જવાને બદલે આગગાડીમાં જાય છે અને હું મારા ભાઈ સાથે નિશાળે બસમાં જાઉં છું. સારો દિવસ હોય તો અમે સાયકલથી પણ જઈએ. અન્ય કોઈ સ્થળે જવું હોય ગાડીમાં જવાને બદલે અમે જાહેર પરિવહનનો ઉપયોગ વધારે કરીએ.








પાણીનો દુરુપયોગ ન થાય તેની કાળજી રાખીએ છીએ. નહાતી વખતે બાથટબ ન ભરતાં ફૂવારો વાપરીએ જેથી ઓછું પાણી વપરાય. દાંત સાફ કરતી વખતે અથવા હજામત કરતી વખતે અમે નળ ચાલુ રાખતાં નથી. વાસણ ધોવાનું યંત્ર વાસણોથી પૂરું ભરાઈ જાય પછી તેનો ઉપયોગ કરીએ. મારા પિતા વારંવાર ગાડી ધોવાને બદલે મહિનામાં એકાદ વખત જ ધુએ છે.





તે ઉપરાંત, મારા પિતાએ વરસાદનું પાણી સંગ્રહ કરવા બાગમાં એક નાની ટાંકી મૂકી છે. બાગમાં છોડોને પાણી પાવા માટે આ વરસાદનાં પાણીનો ઉપયોગ કરીએ છીએ.






સૌર ઊર્જામાંથી વીજળી ઉત્પન કરવા માટે મકાનનાં નળિયાં ઉપર 'સોલર પેનલ' મૂકેલાં છે.

વીજળીનો ઉપયોગ અમે ખૂબ કાળજીથી કરીએ છીએ જેમ કે જરૂર ન હોય ત્યારે બત્તીઓ બંધ કરી દઈએ અને કોઈ જોતું ન હોય તો દૂરદર્શન કે કમ્પ્યુટર બંધ કરી દઈએ.






વારંવાર એક બે કપડાંની ઈસ્ત્રી ન કરતાં બધાં કપડાં ભેગાં કરી એક સાથે ઈસ્ત્રી કરીએ.

ચા-પાણી માટે વીજ કીટલીમાં જરૂર પૂરતું જ પાણી ભરી ગરમ કરીએ.




શિયાળામાં ઘરની અંદર ગરમી બચાવવા માટે નવી 'ડબલ ગ્લેઝીંગ'વાળી બારીઓ નખાવી છે અને તેથી સેન્ટ્રલ હીટીંગ ઠંડીમાં લાંબો સમય ચાલુ રાખવાની જરૂર નથી પડતી.

આવી સરળ રીતે પર્યાવરણની સુરક્ષા માટે અમે કંઈક તો જરૂર કરીએ છીએ, અને સાથે વીજળી અને પાણીના વપરાશના પૈસા પણ બવાવીએ છીએ.

પહેલાં જ્યારે હું શનિવારે ક્લબમાં ફૂટબોલ રમવા જતો ત્યારે મારા પિતા ગાડીથી મૂકી જતા પરંતુ ગયાં અઠવાડિયે હું અને મારા મિત્રો સાઈકલથી ગયા હતા અને હવેથી અમે સાઈકલથી જ જઈશું. ભવિષ્યમાં હું અવશ્ય મારી જીવનશૈલીને પર્યાવરણ સાથે મૈત્રીભાવવાળી બનાવવા વધારે પ્રયત્ન ચાલુ રાખીશ.



# પર્યાવરણની સુરક્ષા/જાળવણી માટે 'ગોઈંગ ગ્રીન'ની ધારણા

## Vocabulary

| | | | |
|---|---|---|---|
| સુરક્ષા / જાળવણી | – | protection | *fem, sing* |
| ધારણા | – | concept | *fem, sing* |
| રળિયામણો | – | beautiful | *adj, var mas, sing* |
| વસ્તી | – | population | *fem* |
| સમસ્યાઓ | – | problems, issues | *fem, plu* |
| વૈશ્વિક | – | global | *adj, invar* |
| વૈશ્વિક ગરમાવો | – | global warming | *mas, sing* |
| કારખાનાં | – | factories | *neut, plu* |
| માંગ | – | demand | *fem* |
| રસાયણવાળો | – | with chemical | *neut* |
| પ્રદૂષિત કરે છે | – | pollutes | *verb, trans* |
| ઝેરી | – | poisonous | *adj, inv* |
| ધુમાડો | – | fumes, smoke | *mas, sing* |
| જાહેર વાહનવ્યવહાર/ જાહેર પરિવહન | – | public transport | *mas, sing* |
| હોવા છતાં | – | in spite of | *connect.* |
| ગાડીઓની ભીડ | – | traffic | *fem, sing* |
| વિશ્વ પર્યાવરણ દિન | – | global environment day | *mas, sing* |
| યોગ્ય પગલાં | – | appropriate steps, action | *neut, plu* |
| કાળજી રાખીએ | – | take care | *verb, trans* |
| પ્રયત્ન કરે છે | – | tries | *verb, trans* |
| ઉપયોગ | – | use | *mas, sing* |
| પુનઃઉપયોગ | – | recycle, reuse | *mas, sing* |
| સખાવતી સંસ્થા | – | charity organisation | *fem, sing* |
| સ્થાનિક સરકાર | – | local government | *fem, sing* |

| | | | |
|---|---|---|---|
| કચરો | – | rubbish | *mas, sing* |
| કચરાપેટીઓ | – | rubbish bins, dustbins | *fem, plu* |
| કોથળીઓ | – | bag | *fem, plu* |
| બાટલીઓ | – | bottles | *fem, plu* |
| કુદરતી ખાતર | – | natural/ organic compost | *neut, sing* |
| સ્થળ | – | place | *neut, sing* |
| દુરુપયોગ | – | misuse | *mas, sing* |
| ફૂવારો | – | shower | *mas, sing* |
| હજામત કરવી | – | to shave | *verb, trans* |
| વાસણ ધોવાનું યંત્ર | – | washing machine | *neut, sing* |
| વાસણો | – | utensils, pots & pans | *neut, plu* |
| વારંવાર | – | frequently | *adv* |
| સંગ્રહ કરવો | – | to collect | *verb, trans* |
| ટાંકી | – | tank | *fem, sing* |
| સૌર ઊર્જા | – | solar energy | *fem, sing* |
| વીજળી | – | electricity | *fem, sing* |
| નળિયાં | – | roof tiles | *mas, plu* |
| ઈસ્ત્રી કરીએ | – | iron (clothes) | *verb, trans* |
| વીજ કીટલી | – | electric kettle | *fem, sing* |
| વપરાશ | – | usage | *mas, sing* |
| અવશ્ય | – | definitely | *adv* |
| જીવનશૈલી | – | lifestyle | *fem, sing* |
| મૈત્રીભાવવાળી | – | friendly | *adj, var* |

**Teachers can prepare a variety of question types for Reading and Listening exercises based on the article.**

**Here are few examples.**

## Higher Level – Questions in Gujarati

**પર્યાવરણની જાળવણી માટે શિવાન અને તેનું કુટુંબ શું શું કરે છે તે લેખ વાંચો.**
**નીચેના સવાલોના જવાબ ટૂંકમાં લખો.**

૧. શિવાનનો વિસ્તાર કેવો છે?

૨. વાહનોનો અને કારખાનામાંથી નીકળતા ધુમાડાની પર્યાવરણ પર શી અસર થાય છે?

૩. તેના વિસ્તારમાં પર્યાવરણની સમસ્યાઓ શું છે?

૪. તેના મત પ્રમાણે સૌથી ગંભીર વૈશ્વિક પર્યાવરણ સમસ્યા કઈ છે?

૫. વસ્તી વધવાથી પર્યાવરણ ઉપર શી અસર થાય છે?

૬. ૫મી જૂનના કયો દિવસ ઊજવાય છે?

૭. આ દિવસે શિવાનનાં કુટુંબે શું નક્કી કર્યું?

૮. જૂનાં પણ પહેરાય તેવાં કપડાંઓનું શિવાનનું કુટુંબ શું કરે છે?

૯. ઘરેલું કચરાનું તેઓ શું કરે છે?

૧૦. ખરીદી કરવા જાય ત્યારે શું સાથે લઈ જવાનું ભૂલતાં નથી? શા માટે?

૧૧. પાણી બચાવવા માટે શિવાનનું કુટુંબ શું શું કરે છે? (ત્રણ બાબત લખો)

૧૨. સોલર પેનેલનો ઉપયોગ શેના માટે કરવામાં આવે છે?

૧૩. વીજળી બચાવવા માટે શિવાનનું કુટુંબ શું શું કરે છે? (ત્રણ બાબત લખો)

૧૪. વીજળી અને પાણી બચાવવાથી શું શું ફાયદા થાય છે?

૧૫. પર્યાવરણની જાળવણી માટે શિવાન ભષ્યિમાં શું કરશે?

## Higher Level – Questions in English

**Read the article about what Shivaan and his family do to protect the environment. Answer the following questions briefly.**

1. What is Shivaan's town like?
2. What effect do fumes/smoke emitted from factories and vehicles have on the environment?
3. What environmental problems there are in his town?
4. In his opinion, what is the most serious global environmental problem?
5. How does increase in population affect the environment?
6. What day is celebrated on 5$^{th}$ June?
7. What did Shivaan's family decide to do on this day?
8. What do they do with the old, but wearable clothes?
9. What do they do with household waste?
10. What do they not forget with them to take when they go shopping?
11. What does Shivaan's family do to save water? (write three things)
12. What are solar panels used for?
13. What does Shivaan's family do to save electricity? (write three things)
14. How do they benefit by saving water and electricity?
15. What will Shivaan do in the future to protect the environment?

## How green are you?

Three girls are talking about how what they do to become environmentally-friendly they are.

| | |
|---|---|
| આરતી: | મને લાગે છે કે હું પર્યાવરણને અનુકૂળ થવા માટે કંઈક તો જરૂર કરું છું. હું દરરોજ શાળાએ ચાલીને જાઉં છું અને શનિ-રવિ મારા મિત્રો સાથે કોઈ પણ જગ્યાએ ફરવા જાઉં ત્યારે બસનો ઉપયોગ કરું છું કારણ કે ગાડી કરતાં જાહેર પરિવહન વાપરવાથી પ્રદૂષણ ઓછું થાય છે. તે ઉપરાંત, જ્યારે હું અને મારાં માતા ખરીદી કરવા જઈએ ત્યારે વસ્તુઓ ભરવા ઘરેથી કપડાંની કે પહેલાં વાપરેલી પ્લાસ્ટિકની કોથળીઓ સાથે લેતાં જઈએ. |
| શ્રેયા: | હું કોઈ પણ વસ્તુ ફેંકતાં પહેલાં વિચાર કરું છું. જેમ કે મારા જૂનાં કે જે ગમતાં ન હોય તે કપડાં ફેંકવા કરતાં મારી બહેનપણીઓ સાથે અદલાબદલી કરી ફરી ઉપયોગમાં લઉં છું. ઘરેલું કચરો જેમ કે કાચની વસ્તુઓ, કાગળ, ખોખાં, એલુમિનિયમનાં ડબલાં વગેરે જુદાં પાડી સ્થાનિક સરકારે આપેલી જુદા જુદા રંગની કચરાપેટીઓમાં અમે નાખીએ છીએ. મારા મત પ્રમાણે આવી સરળ રીતે પણ પર્યાવરણ બચાવવા માટે અમે કંઈક તો જરૂર કરીએ છીએ. |
| અન્વી: | ઘરે મારા માતા-પિતા પણ પર્યાવરણની સુરક્ષા માટે જરૂરી પગલાં લે છે. મારાં માતા કપડાં ધોવાનો સાબુ બને તેટલો ઓછો વાપરે છે જેથી રસાયણોનો વપરાશ ઓછો થાય. શિયાળામાં જ્યારે બહુ ઠંડી ન હોય ત્યારે આખો દિવસ સેન્ટ્રલ હીટીંગ ચાલુ રાખવાને બદલે અમે ગરમ કપડાં પહેરીએ છીએ જેથી ઊર્જાનો બચાવ થઈ શકે. |

## Foundation Level Questions

Read their statements and click the correct box True or False.

| | **Statement** | **True** | **False** |
|---|---|---|---|
| 1. | Aarti walks to school. | | |
| 2. | When Aarti goes shopping she buys plastic bags from the shops. | | |
| 3. | Shreya recycles paper and glass. | | |
| 4. | Anvi’s family aren’t environmentally-friendly. | | |
| 5. | Anvi’s mother uses a lot of detergents. | | |

**How green are you?**

Three girls are talking about how what they do to become environmentally-friendly they are.

| | |
|---|---|
| આરતી: | મને લાગે છે કે હું પર્યાવરણને અનુકૂળ થવા માટે કંઈક તો જરૂર કરું છું. હું દરરોજ શાળાએ ચાલીને જાઉં છું અને શનિ-રવિ મારા મિત્રો સાથે કોઈ પણ જગ્યાએ ફરવા જાઉં ત્યારે બસનો ઉપયોગ કરું છું કારણ કે ગાડી કરતાં જાહેર પરિવહન વાપરવાથી પ્રદૂષણ ઓછું થાય છે. તે ઉપરાંત, જ્યારે હું અને મારાં માતા ખરીદી કરવા જઈએ ત્યારે વસ્તુઓ ભરવા ઘરેથી કપડાંની કે પહેલાં વાપરેલી પ્લાસ્ટિકની કોથળીઓ સાથે લેતાં જઈએ. |
| શ્રેયા: | હું કોઈ પણ વસ્તુ ફેંકતાં પહેલાં વિચાર કરું છું. જેમ કે મારા જૂનાં કે જે ગમતાં ન હોય તે કપડાં ફેંકવા કરતાં મારી બહેનપણીઓ સાથે અદલાબદલી કરી ફરી ઉપયોગમાં લઉં છું. ઘરેલું કચરો જેમ કે કાચની વસ્તુઓ, કાગળ, ખોખાં, એલુમિનિયમનાં ડબલાં વગેરે જુદાં પાડી સ્થાનિક સરકારે આપેલી જુદા જુદા રંગની કચરાપેટીઓમાં અમે નાખીએ છીએ. મારા મત પ્રમાણે આવી સરળ રીતે પણ પર્યાવરણ બચાવવા માટે અમે કંઈક તો જરૂર કરીએ છીએ. |
| અન્વી: | ઘરે મારા માતા-પિતા પણ પર્યાવરણની સુરક્ષા માટે જરૂરી પગલાં લે છે. મારાં માતા કપડાં ધોવાનો સાબુ બને તેટલો ઓછો વાપરે છે જેથી રસાયણોનો વપરાશ ઓછો થાય. શિયાળામાં જ્યારે બહુ ઠંડી ન હોય ત્યારે આખો દિવસ સેન્ટ્રલ હીટીંગ ચાલુ રાખવાને બદલે અમે ગરમ કપડાં પહેરીએ છીએ જેથી ઊર્જાનો બચાવ થઈ શકે. |

**Higher Level Questions**

Read their statements and click the correct box **True** or **False**, and give a briefly explain why it is True or false.

| | Statement | True | False | Reason |
|---|---|---|---|---|
| 1. | Aarti walks to school. | | | |
| 2. | When Aarti goes shopping she buys plastic bags from the shops. | | | |
| 3. | Shreya recycles paper and glass. | | | |
| 4. | Anvi's family aren't environmentally-friendly. | | | |
| 5. | Anvi's mother uses a lot of detergents. | | | |